FRIDAY
14 ● 02 ● 2025

# સુરતધ્વનિ

સોશિઅલ મીડિયા આવૃત્તિ

● તંત્રી : મેહુલ સોલંકી ● સહતંત્રી : ઉત્તમ બિરહાડે ● માલિક મુદ્રક પ્રકાશક : મેહુલ અશોકભાઈ સોલંકી ● વિક્રમ સંવત :૨૦૮૧ મહા વદ ૦૨ ● સુરત, ૧૪-૦૨-૨૦૨૫, શુક્રવાર

● RNI No. GUJGU/2022/82047 ● Owner, Publisher, Printer & Editor- MEHUL ASHOKBHAI SOLANKI ● Date : FRIDAY 14 February-2025 ● Email : suratdhvaninews9997@gmail.com

# વક્ફ બિલ પર JPC રિપોર્ટ વિપક્ષના હોબાળા વચ્ચે સંસદમાં રજૂ

## વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો કે સભ્યો દ્વારા રજૂ કરાયેલા અસંમતિના સૂચનો પેનલના અહેવાલમાં સામેલ નથી

નવીદિલ્હી,૧૩

વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો કે સભ્યો દ્વારા રજૂ કરાયેલા અસંમતિના સૂચનો પેનલના અહેવાલમાં સામેલ નથી. ખડગેએ કહ્યું- અમારા વાંધા કાઢી નાખવામાં આવ્યા; શાહે કહ્યું- તમે જે ઈચ્છો તે ઉમેરો, મારી પાર્ટીને કોઈ વાંધો નથી.

સંસદમાં ભારે હોબાળા વચ્ચે વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૪ પર સંયુક્ત સંસદ સમિતિ નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો. વક્ફ (સુધારા) બિલ પરનો અહેવાલ રાજ્યસભામાં ભાજપના સભ્ય મેધા વિશ્રામ કુલકર્ણી, જે પેનલના સભ્ય હતા, દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. વિપક્ષના રિપોર્ટ વિરુદ્ધ સૂત્રોચ્ચાર વચ્ચે બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા બાદ JPCના અધ્યક્ષ અને ભાજપના સાંસદ જગદંબિકા પાલે લોકસભામાં બિલ રજૂ કર્યું.

રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ આરોપ લગાવ્યો કે વક્ફ બિલ પર JPC "પક્ષપાતી" અને "એકતરફી" છે, અને ઉમેર્યું કે પેનલના સભ્યો દ્વારા રજૂ કરાયેલા અસંમતિ નોંધો પેનલના અહેવાલમાં શામેલ નથી. જોકે, કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ આ આરોપને નકારી કાઢ્યો. રિપોર્ટ રજૂ થયા બાદ વિપક્ષી બેન્ચના સભ્યોએ હોબાળો મચાવ્યો, જેના કારણે અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહને થોડા સમય માટે સ્થગિત કરી દીધું. જ્યારે ગૃહ ફરી શરૂ થયું, ત્યારે વિપક્ષી સાંસદોએ કહ્યું કે અહેવાલમાંથી તેમની અસંમતિ નોંધો સંપાદિત કરવામાં આવી છે. જ્યારે સરકારે આરોપોને નકારી કાઢ્યા. ત્યારબાદ વિપક્ષી સભ્યોએ વોકઆઉટ કર્યું. "વક્ફ બોર્ડ પર JPC રિપોર્ટમાં, ઘણા સભ્યોનો અસંમતિ અહેવાલ છે. તે નોંધો દૂર કરવી અને અમારા મંતવ્યોને બુલડોઝ કરવી યોગ્ય નથી. આ લોકશાહી વિરોધી અને નિંદનીય છે. શેરધારકોને બહારથી બોલાવવામાં



આવ્યા હતા અને તેમના નિવેદનો લેવામાં આવ્યા હતા. અસંમતિ અહેવાલો કાઢી નાખ્યા પછી રજૂ કરવામાં આવેલા કોઈપણ અહેવાલની હું નિંદા કરું છું," કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું. તેને "બનાવટી અહેવાલ" ગણાવતા, તેમણે ઉમેર્યું કે તેને પાછો ખેંચી લેવો જોઈએ અને સમિતિને પાછો મોકલવો જોઈએ."અમે આવા ખોટા અહેવાલોને ક્યારેય સ્વીકારીશું નહીં. જો અહેવાલમાં અસંમતિના મંતવ્યો ન હોય, તો તેને પાછો મોકલવો જોઈએ અને ફરીથી રજૂ કરવો જોઈએ," ખડગેએ કહ્યું.લોકસભામાં, વક્ફ બિલ પર JPC રિપોર્ટ રજૂ થયા પછી વિપક્ષી સાંસદોએ વોકઆઉટ કર્યો. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ પત્રકારોને જણાવ્યું હતું કે સાંસદો ૬૫૫ પાનાનો રિપોર્ટ વાંચવા માટે એક રાતનો સમય આપી રહ્યા છે. "એક રાત માટે ૬૫૫ પાનાનો રિપોર્ટ વાંચીપ અમારી પાસે અમારા વાંધા રજૂ કરવા માટે ભાગ્યે જ સમય હતો. જો તમે બેઠકોની મિનિટ્સ તપાસો, તો તમને ખબર પડશે કે કોઈ કલમ-દર-કલાક ચર્ચા થઈ ન હતી. અમે બધા ઘણી JPCનો ભાગ રહ્યા છીએ, અને કલમ-દર-કલાક ચર્ચા સૌથી મહત્વપૂર્ણ છે, પરંતુ તેને બાયપાસ કરવામાં આવી હતી. ચેરમેન કોના પ્રભાવ હેઠળ કાર્ય કરી રહ્યા છે? આના વિરોધમાં, અમે આજે વોકઆઉટ કર્યું," તેમણે ANI ને જણાવ્યું. AIMIM સાંસદ અસદુદ્દીન ઓવાસીએ કહ્યું કે વક્ફ બિલ ગેરબંધારણીય છે અને બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૨૯નું ઉલ્લંઘન કરે છે.

"આ બિલ ફક્ત ગેરબંધારણીય નથી અને બંધારણની કલમ ૧૪, ૧૫ અને ૨૯નું ઉલ્લંઘન કરે છે, તે વક્ફને બચાવવા માટે નથી પરંતુ તેને બરબાદ કરવા અને મુસ્લિમો પાસેથી છીનવી લેવા માટે છેપઅમે આ બિલની નિંદા કરીએ છીએ.

# લગ્ન અમાન્ય હોય તો ભરણપોષણ માંગી શકાય

### લગ્ન અધિનિયમ સંબંધિત એક મહત્વપૂર્ણ નિર્ણય

નવી દિલ્હી,૧૩

સુપ્રીમ કોર્ટે હિન્દુ લગ્ન અધિનિયમ સંબંધિત એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. હિન્દુ વિવાહ એક્ટ ૧૯૫૫ હેઠળ અમાન્ય જાહેર થતાં લગ્નમાં પણ બંને પક્ષોને ગુજરાન ભથ્થું માગવાનો હક હોવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'જો કોઈ કોર્ટ બંનેના વિવાહને ગેરકાયદે કે અમાન્ય જાહેર કરે અથવા તો રદ કરે તો પણ ૧૯૫૫ એક્ટ હેઠળ ચાલુ કેસની અંતિમ પતાવટ સુધી કોર્ટ વચગાળાનું ભરણ-પોષણ આપી શકે છે. જો કે, તેમાં પક્ષકારોનું આચરણ ધ્યાનમાં લેવાશે. કારણકે, રાહત આપવી હંમેશા ન્યાયિક વિવેક પર નિર્ભર છે.' જસ્ટિસ એ.એસ. ઓકા, જસ્ટિસ આહસાનુદ્દીન અમાનુલ્લા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બેન્ચે જણાવ્યું હતું કે, 'જો કોઈ વિવાદને ૧૯૯૫ એક્ટની કલમ ૧૧ હેઠળ ગેરકાયદે જાહેર કરવામાં આવે તો તે વિવાહમાં સામેલ બંને પક્ષોને એક-બીજા પર એક્ટની કલમ ૨૫ હેઠળ સ્થાયી ગુજરાન ભથ્થુ તથા ભરણ-પોષણનો દાવો કરવાનો હક છે.' આ કિસ્સામાં તથ્યો અને પક્ષોના આચરણના આધારે સ્થાયી ગુજરાન ભથ્થાં અંગે નિર્ણય લેવાશે. કલમ ૨૫ હેઠળ રાહત આપવી હંમેશા ન્યાયિક વિવેક પર નિર્ભર છે.'

### નવા બિલમાં ૫૩૬ કલમો, ૨૩ પ્રકરણો અને ૧૬ અનુસૂચિઓ છે

# નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કર્યું નવું આવકવેરા બિલ

નવી દિલ્હી,૧૩

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ રજૂ કર્યું છે. હવે આ બિલને વધુ ચર્ચા માટે સંસદીય સ્થાયી સમિતિમાં મોકલવામાં આવશે. નવું આવકવેરા બિલ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવવાની અપેક્ષા છે. આ નવું બિલ આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ને બદલવાનો છે. હકીકતમાં, છેલ્લા ૬૦ વર્ષમાં કરવામાં આવેલા સુધારાઓને કારણે, હાલનો આવકવેરા કાયદો ખૂબ મોટો બની ગયો છે. નવા બિલમાં ફ્રિન્જ બેનિફિટ ટેક્સ સંબંધિત બિનજરૂરી કલમો દૂર કરવામાં આવી છે. આ બિલ 'સમજૂતીઓ



અથવા જોગવાઈઓ'થી મુક્ત છે,

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. આ નવો કાયદો ૬ દાયકા જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને કર પ્રણાલીને સરળ, પારદર્શક અને વધુ અસરકારક બનાવશે. નવા બિલમાં ૫૩૬ કલમો, ૨૩ પ્રકરણો અને ૧૬ અનુસૂચિઓ છે. તે ફક્ત ૬૨૨ પાના પર ચિહ્નિત થયેલ છે. આમાં કોઈ નવો કર લાદવાનો ઉલ્લેખ નથી. આ બિલ હાલના આવકવેરા કાયદા, ૧૯૬૧ ની ભાષાને સરળ બનાવે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. અગાઉ, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ, કેન્દ્રીય મંત્રીમંડળે આ બિલને મંજૂરી આપી હતી. આ નવું બિલ લગભગ ૬૦ વર્ષ જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે અને કર પ્રણાલીને સરળ, પારદર્શક અને વધુ અસરકારક બનાવશે.

### ભાજપે કર્યો કટાક્ષ

# શરદ પવારે પાઘડી પહેરાવી શિંદેનું સન્માન કરતાં ઉદ્ધવ ઠાકરે નારાજ

નવીદિલ્હી,૧૩

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સત્તા પરથી બહાર થયા બાદ વિપક્ષી ગઠબંધન I.N.D.I.A. બ્લોકમાં તિરાડ સ્પષ્ટ દેખાઈ રહી છે. આ ગઠબંધનની અંદરથી જ કેટલાક એવી અવાજ ઉઠી રહી છે કે જો કોંગ્રેસ અને AAPએ સાથે મળીને ચૂંટણી લડી હોત તો કદાચ પરિણામ અલગ હોત.

આ તમામ ચર્ચાઓ વચ્ચે I.N.D.I.A. બ્લોકમાં એક નવો મોરચો ખુલ્યો છે. આ બ્લોકમાં મહારાષ્ટ્રની અંદર ઘમાસાણ મચી ગયું છે. ત્યાં .N.D.I.A. બ્લોક પાર્ટીઓ વિપક્ષી મહા વિકાસ આઘાડીના બેનર હેઠળ છે. તેમાં ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર અને કોંગ્રેસ સામેલ છે. મંગળવારે NCP (SP) ના નેતા શરદ પવારે નવી દિલ્હીમાં ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના અવસર પર મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેને પાઘડી પહેરાવીને મહાદાજી શિંદે રાષ્ટ્ર ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. આ દરમિયાન તેમણે શિંદેના વખાણ પણ કર્યા હતા. મહાદાજી શિંદેને મરાઠી ઓળખ અને ગૌરવનું પ્રતીક માનવામાં આવે છે. મરાઠા સામ્રાજ્યના ઈતિહાસમાં મહાદાજી શિંદે ખૂબ જ શક્તિશાળી યોદ્ધા તરીકે જાણીતા છે. ૧૭૬૧માં પાણીપતના યુદ્ધમાં મરાઠાઓનો પરાજય થયો.

### આ કબૂલ નથી, અમે છેલ્લે સુધી લડીશું

# વક્ફ બિલ પર ભડક્યું ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ

નવી દિલ્હી,૧૩

વક્ફ સુધારા બિલ પર રચાયેલી તૈઝ એ ગુરુવારે સંસદમાં પોતાનો અહેવાલ રજૂ કર્યો હચો. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે આ રિપોર્ટ સામે વાંધો ઉઠાવ્યો છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને કહ્યું કે ભારતમાં મુસ્લિમોનો પણ તેમની મિલકત પર એટલો જ અધિકાર છે જેટલો શીખો અને હિન્દુઓનો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રમુખ ખાલિદ સૈફુલ્લાહ રહેમાનીએ જણાવ્યું હતું કે વક્ફ પરનો હાલનો કાયદો ભારતીય બંધારણની અંદર જ આવે છે. તે ધર્મોની સ્વતંત્રતાના કાયદા હેઠળ આવે છે. તેમણે કહ્યું કે આ હેઠળ શીખો તેમની મિલકતોનું સંચાલન કરે છે. તેવી જ રીતે હિન્દુઓ પણ સ્વતંત્ર છે. અમને આની સામે કોઈ વાંધો નથી, પરંતુ મુસ્લિમોને પણ એટલો જ અધિકાર છે જેટલો હિન્દુઓ અને શીખોને છે. નવા કાયદા મુજબ વક્ફ બોર્ડમાં બે બિન-મુસ્લિમોનો સમાવેશ કરવામાં આવશે અને સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા અધિકારી મુસ્લિમ હોવા જરૂરી નથી.ખાલિદ સૈફુલ્લાહ રહેમાનીએ કહ્યું કે એ કહેવું નકામું છે કે આખો દેશ એક દિવસ વકફનો બની જશે. આ બધું સરકાર દ્વારા ફેલાવવામાં આવી રહ્યું છે. વકફ માટેની અમારી લડાઈમાં હિન્દુ અને મુસ્લિમનો કોઈ પ્રશ્ન જ નથી. આ ફક્ત આપણા હકો માટેની લડાઈ છે. આ સરકાર સામેની લડાઈ છે. અમને આશા છે કે બધા ન્યાયપ્રેમી હિન્દુઓ અમને ટેકો આપશે. આપણા દેશના બંધારણમાં મૂળભૂત અધિકાર તરીકે અમને ધાર્મિક બાબતો ચલાવવાનો હક આપવામાં આવ્યો છે.

### પ્લેનમાં આગનો ભયાનક વીડિયા

# ફ્લાઇટ ક્રેશ થતા બચી, ૩૦૦થી વધુ મુસાફરોમાં ગભરાટ

નવીદિલ્હી,૧૩

પાયલોટે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને અકસ્માત બચાવ્યો હતો. આ દરમિયાન ફલાઈટમાં સવાર ૩૦૦થી વધુ મુસાફરોમાં હોબાળો મચી ગયો હતો.

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં પ્લેનના એન્જિનમાંથી જ્વાળાઓ નીકળતી જોવા મળી રહી છે. પ્લેન લગભગ ૩૦,૦૦૦ ફૂટની ઉંચાઈ પર હતું અને તેના એન્જિનમાંથી જ્વાળાઓ નીકળી રહી હતી, જેને જોઈને પ્લેનમાં બેઠેલા મુસાફરો ચોંકી ગયા હતા. લોકોએ બારીમાંથી જ્વાળાઓ જોઈ અને પાઈલટ ક્રૂને જાણ કરી, જેમણે એન્જિનમાં ટેકનિકલ ખામી શોધી કાઢી.

ફલાઈટ ક્રેશ થવાના ડરને કારણે પાઈલટે ઈમરજન્સી લેન્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પાયલોટે એટીસીનો સંપર્ક કર્યો અને ઈમરજન્સી લેન્ડિંગની પરવાનગી માંગી. નજીકના એરપોર્ટ પર ઉતરવાની પરવાનગી મળી. પાયલોટે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને અકસ્માત બચાવ્યો હતો. આ દરમિયાન ફલાઈટમાં સવાર ૩૦૦થી વધુ મુસાફરોમાં હોબાળો મચી ગયો હતો. પાયલોટ-ક્રુ મેમ્બર સહિત તમામ મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા.

### તોડફોડ બાદ દેખાવ કરવાનો આરોપ

# જામિયા યુનિવર્સિટીમાં ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત

નવીદિલ્હી,૧૩

દિલ્હી પોલીસે આજે વહેલી સવારે ૬:૦૦ વાગ્યે જામિયા યુનિવર્સિટીના ૧૪ વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. યુનિવર્સિટી પ્રશાસનની ફરિયાદ પર પોલીસે આ મોટી કાર્યવાહી કરી છે. આ વિદ્યાર્થીઓ બે પીએચડી સ્કોલર સામે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહી વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ વિદ્યાર્થીઓને ગત વર્ષે કથિત રીતે એક પ્રદર્શનનું આયોજન કરવા બદલ કારણ બતાઓ નોટિસ ફટકારવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શન સોમવારથી શરૂ થયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ વહીવટીતંત્રના 'વિદ્યાર્થી ચળવળ પરના કડક પગલાં' ની નિંદા કરી હતી. યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, સંપત્તિમાં તોડફોડ કરવામાં આવી છે, જેના પગલે સુરક્ષા વધારી દેવામાં આવી છે. યુનિવર્સિટીએ દાવો કર્યો છે કે, દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ કેન્ટીન સહિત યુનિવર્સિટીની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું અને સુરક્ષા સલાહકારની ઓફિસનો દરવાજો તોડી નાખ્યો હતો, જેના કારણે વહીવટીતંત્રને કાર્યવાહી કરવાની ફરજ પડી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, 'કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને વિરોધ સ્થળ પરથી હટાવવા માટે પોલીસ હસ્તક્ષેપની વિનંતી કરી હતી. યુનિવર્સિટી વહીવટીતંત્ર તરફથી વિનંતી મળ્યા બાદ અમે સવારે ૪ વાગ્યાની આસપાસ ૧૦થી વધુ વિદ્યાર્થીઓને ત્યાંથી હટાવ્યા છે. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમે કેમ્પસની બહાર ભારે પોલીસ સુરક્ષા તહેનાત કરી છે.'

### દીપડાએ પાડ્યું લગનમાં વિઘ્ન :

# લગ્ન મંડપ દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો

લખનઉ,૧૩

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક દીપડો એક લગ્ન મંડપમાં ઘુસી ગયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વન્ય પ્રાણીઓના ભયથી લગ્ન પ્રસંગમાં અરાજકતા જોવા મળી હતી. પરિસ્થિતિ એવી હતી કે સુંદર પોશાક પહેરેલી દુલ્હન તેના ભારે લહેંગા લઈને તેના મિત્રો સાથે ભાગી ગઈ, જ્યારે વરરાજા લગ્ન મંડપની બારીમાંથી કૂદી ગયો. લગ્નમાં ઘૂસેલા દીપડાથી વર-કન્યાએ કોઈક રીતે પોતાનો જીવ બચાવ્યો હતો. વન્ય પ્રાણીએ તેને બચાવવા આવેલા વન અધિકારીને પણ ઈજા પહોંચાડી હતી. આખી રાત બચાવ કામગીરી બાદ ગુરુવારે સવારે ૪ વાગ્યે દીપડો પકડાયો હતો. આ ઘટના લખનૌના પારા પોલીસ સ્ટેશન વિસ્તારના એમએમ મેરેજ લૉન ખાતે બની હતી, જ્યાં એક લગ્ન સમારોહ ચાલી રહ્યો હતો. બુધવારે રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ મહેમાન દીપકે બીજા માળે દીપડાને જોયો અને તે ડરી ગયો અને ઉપરથી કૂદી ગયો. જેના કારણે તે ઘાયલ થયો હતો.

### નવી કેબિનેટમાં બે નાયબ મુખ્યમંત્રી સામેલ કરવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી રહી છે

# દિલ્હીની નવી સરકારમાં દેખાશે મિનિ ઈન્ડિયાની ઝલક

નવીદિલ્હી,૧૩

દિલ્હી ચૂંટણીમાં શાનદાર જીત હાંસલ કર્યા બાદ ભાજપ મુખ્યમંત્રી પસંદ કરવાના પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન પાર્ટી અન્ય રાજ્યોની જેમ દિલ્હીમાં પણ બે નાયબ મુખ્યમંત્રી બનાવવાનો ફોર્મ્યુલા અપનાવશે તેવી અટકળો પણ તેજ થઈ છે. રાજધાનીને 'મિની ભારત'ના રૂપે દર્શાવવા માટે નવી કેબિનેટમાં બે નાયબ મુખ્યમંત્રી સામેલ કરવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી રહી છે.

ભાજપના અમુક નેતાઓનું કહેવું છે કે, દિલ્હી સરકારમાં બે નાયબ મુખ્યમંત્રીના કારણે પાર્ટીને વિવિધ જાતિ, સમુદાય અને પ્રાદેશિક પૃષ્ઠભૂમિના ધારાસભ્યોને સમાવવામાં મદદ મળશે. બે નાયબ મુખ્યમંત્રી બનવાની સંભાવના વધારે છે. કારણકે, આવું અન્ય અનેક રાજ્યોમાં પણ કરવામાં આવ્યું છે, જ્યાં વિભિન્ન પૃષ્ઠભૂમિના નેતાઓનો સમાવેશ કરવા માટે બે નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે. ભાજપ શાસિત મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પણ આ જ નીતિ અપનાવવામાં આવી છે.

દિલ્હીના ભાજપ નેતાઓનું કહેવું છે કે, આ પ્રસ્તાવ પર રાષ્ટ્રીય નેતૃત્વ વિચાર કરી રહ્યું છે, જે તેના પર અંતિમ નિર્ણય લેશે. આ સિવાય મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓના નામ પર પણ અંતિમ નિર્ણય લેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ બાદ દિલ્હીમાં સરકાર રચવાની પ્રક્રિયામાં તેજી આવવાની સંભાવના છે. ગૃહના નેતા પસંદ કરવા માટે ભાજપ ધારાસભ્ય દળની બેઠક રવિવારે યોજે તેવી સંભાવના છે.

મુખ્યમંત્રી પદના દાવેદારોમાં અનેક ભાજપ ધારાસભ્યના નામની ચર્ચા છે. તેમાં પરવેશ વર્માનું નામ સામેલ છે, જે નવી દિલ્હી બેઠકથી આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને હરાવી ધારાસભ્ય બન્યા છે. આ સિવાય દિલ્હી ભાજપના પૂર્વ પ્રમુખ વિજેન્દ્ર ગુપ્તા, સતીશ ઉપાધ્યાય અને મનજિંદર સિંહ સિરસા, પવન શર્મા, આશીષ સૂદ, રેખા ગુપ્તા તેમજ શિખા રાય જેવા વરિષ્ઠ નેતા પણ મુખ્યમંત્રી પદની હોડમાં સામેલ છે. પાર્ટી નેતાઓએ કરનેલ સિંહ અને રાજકુમાર ભાટિયા જેવા અમુક નવનિર્મિત ધારાસભ્યોનું નામ પણ લીધા છે, જે મુખ્યમંત્રી પદ માટે સંભવિત દાવેદાર જણાવવામાં આવી રહ્યા છે.

# અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસને સરયૂ ઘાટ પર અપાઈ જળ સમાધિ

અયોધ્યા,૧૩

ઉત્તર પ્રદેશના અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસનું બુધવારે નિધન થયું હતું. ૮૦ વર્ષીય સત્યેન્દ્ર દાસે લખનૌ પીજીઆઈમાં અંતિમ શ્વાસ લીધા હતા. ગુરુવારે આચાર્ય સત્યેન્દ્ર દાસના પાર્થિવ દેહને પાલખીમાં લતા મંગેશકર ચોક થઈને સરયુ ઘાટ પર લવાયો હતો. ત્યારબાદ તેમને સંત તુલસીદાસ ઘાટ પર જળ સમાધિ આપવામાં આવી.આચાર્યના પાર્થિવ દેહને અયોધ્યા લાવવામાં આવ્યો હતો. ઘણા લોકો અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. ગુરુવારે સવારે રાજ્યમંત્રી સતીશ શર્મા અને અયોધ્યાના સાંસદ અવધેશ પ્રસાદે આચાર્યને શ્રદ્ધાંજલિ આપી હતી. સદરના ધારાસભ્ય વેદ પ્રકાશ ગુપ્તા અને અન્ય ભાજપ નેતાઓ અને સંત સમુદાયના લોકો પણ પુષ્પાંજલિ આપવા પહોંચ્યા હતા. સત્યેન્દ્ર દાસનો જન્મ ૨૦ મે ૧૯૪૫ના રોજ સંત કબીર નગર જિલ્લામાં થયો હતો. સત્યેન્દ્ર દાસ બાળપણથી જ ભક્તિભાવમાં રહેતા હતા. સત્યેન્દ્ર દાસે ૧૯૫૮માં ઘર છોડી દીધું.

સુરતધ્વનિ

શુક્રવાર, ૧૪-૦૨-૨૦૨૫

# વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઇ પટેલે ચોર્યાસી તાલુકાના રાજગરી, દામકા, સુવાલી અને જુનાગામ ખાતે વિવિધ વિકાસકામો લોકાર્પણ કરાયું

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે AMNS કંપનીના CSR ફંડમાંથી ચોર્યાસી તાલુકાના રાજગરી, દામકા, સુવાલી અને જુનાગામ ખાતે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરાયું હતું.

વિકાસકામો હેઠળ રાજગરી ગામ ખાતે રૂ.૩૮ લાખના ખર્ચે તૈયાર થયેલા સ્મશાન ગૃહ, સુવાલી અને જુનાગામ ખાતે રૂ.૨૫-૨૫ લાખના ખર્ચે નિર્માણ થયેલા અમૃત્ત સરોવરોનું લોકાર્પણ, દામકા ગામ ખાતે રૂ.૪૦ લાખના ખર્ચે તૈયાર થયેલા ક્રિકેટ ગ્રાઉન્ડ અને રૂ.૫ લાખના ખર્ચે તૈયાર કરાયેલ સોલાર લિફ્ટ ઈરિગેશનનું લોકાર્પણ અને AMNS ઈન્ડિયા કંપની ખાતે સંખી મંડળ સંચાલિત કેન્ટીનનું ઉદઘાટન કરાયું હતું.



**પ્રતિષ્ઠિત કંપનીઓના CSR ફંડના ઉપયોગથી નાના અને કાંઠા વિસ્તારના ગામોનો વિકાસ શક્ય બન્યો છે: વન-પર્યાવરણ મંત્રી મુકેશભાઇ પટેલ**

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રોત્સાહક વિકાસ નીતિના પરિણામે પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા મોટા પ્રમાણમાં રોકાણ થઈ રહ્યું છે, જેના કારણે હજીરા વિસ્તારનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. આ કંપનીઓના સહયોગથી CSR ફંડ મારફતે આજુબાજુના ગામોમાં પીવાનું પાણી, આરોગ્ય, રમતગમત સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, AMNS કંપની દ્વારા દિકરીઓ અને મહિલાઓ પ્રાધાન્ય આપવામા આવી રહ્યું છે. કંપની દ્વારા હજીરાના આજુબાજુના વિસ્તારની દિકરીઓ અને મહિલાઓને ક્રેન ઓપરેટર ટ્રેનિંગ આપી આર્થિક રીતે પગભર કરવાનું અવિતર કામ થઈ રહ્યું છે. ૧૦૦ મહિલાઓને ક્રેન ઓપરેટરને ટ્રેનિંગ આપી કંપનીમાં નોકરી આપી આત્મનિર્ભર બનાવી છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે રાજ્યમંત્રીશ્રીએ AMNS કંપની દ્વારા નાના અને કાંઠાના ગામોમાં શિક્ષણ, આરોગ્ય તેમજ પાણીની મૂળભૂત સુવિધાઓ માટે કરવામાં આવતા વિકાસ કાર્યોને બિરદાવ્યા હતા. આ તકે મંત્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્યશ્રી નિલેશભાઈ તડવી, દામકા સરપંચ શ્રીમતી રેવાબેન પટેલ, ઉપસરપંચ તુલસીભાઈ પટેલ, AMNS કંપની કોર્પોરેટ અફેર્સના હેડ શ્રી ડૉ.અનિલભાઈ ભટ્ટ, AMNS કંપની સી.એસ.આર.હેડ કિરણસિંહ સિંધા, AMNS કંપનીના અધિકારીઓ, વિવિધ ગામના સરપંચશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.



AMNS ઇન્ડિયા ખાતે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી

# મુકેશભાઈ પટેલના હસ્તે સખી મંડળ સંચાલિત કેન્ટીનનું ઉદ્દઘાટન

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભર ભારત અભિયાનને વધુ બળ આપવા માટે એક મહત્વપૂર્ણ પગલા અંતર્ગત AMNS ઈન્ડિયા કંપની ખાતે રિતિકા સખી મંડળ-દામકા દ્વારા સંચાલિત નવી કેન્ટીનનું વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે ઉદઘાટન કરાયું હતું.

આ પ્રસંગે વનમંત્રીશ્રીએ સખી મંડળની કેન્ટીનમાં નાસ્તો કર્યા બાદ ડિજીટલ પેમેન્ટ કરીને મહિલાઓને પ્રોત્સાહિત કરવા સાથે ડિજીટલ ટેક્નોલોજી અપનાવવા માટે પણ પ્રેરિત કરી હતી.

વનમંત્રીશ્રીએ જણાવ્યું કે, મહિલાઓ માટે આ પ્રકારની પહેલ માત્ર રોજગારી પૂરતી સીમિત નથી, પણ તેમને આર્થિક સ્વતંત્રતા અને આત્મવિશ્વાસ અપાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ છે. AMNS ઈન્ડિયા કંપની અને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી આ પ્રોજેક્ટ સાકાર થયો છે, જે અનેક મહિલાઓને આત્મનિર્ભર બનાવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આધુનિક સમયમાં ડિજીટલ પેમેન્ટ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ તે એક આવશ્યકતા બની ગયું છે. વૈશ્વિક સ્તરે ડિજીટલ ટ્રાન્જેક્શન ઝડપથી સ્વીકારવામાં આવી રહ્યા છે. જો મહિલાઓ આ ટેક્નોલોજીનો ઉપયોગ શીખી લે, તો તેઓ પોતાના વ્યવસાય અને રોજગારીમાં વધુ આગળ વધી શકશે.

**વલસાડમાં આવકવેરા વિભાગ દ્વારા આ એક મહત્વપૂર્ણ કાર્યવાહી છે**

# વલસાડ અને વાપીમાં આવકવેરા વિભાગના દરોડા

**વલસાડ,તા.૧૩**

ઘણા સમયની નિષ્ક્રિયતા પછી વલસાડમાં આવકવેરા વિભાગ દ્વારા આ એક મહત્વપૂર્ણ કાર્યવાહી છે. આ દરોડામાં જિલ્લાની અંદર અને બહારના આવકવેરા અધિકારીઓની એક મોટી ટીમ સામેલ હતી.

આજે વહેલી સવારે, આવકવેરા વિભાગની વાપી તપાસ ટીમે વલસાડ અને વાપીમાં અગ્રણી બિલ્ડરો, જમીન વિકાસકર્તાઓ, વકીલો અને આર્કિટેક્ટ્સને નિશાન બનાવીને એક સાથે દરોડા પાડ્યા. વાપી તપાસ ટીમના વડા આર.પી. મીણાની આગેવાની હેઠળની આ કાર્યવાહીથી જિલ્લાના ઉચ્ચ વર્ગ અને ઉચ્ચ આવક ધરાવતા કરદાતાઓમાં વ્યાપક ચર્ચા જગાવી છે.

ઘણા સમયની નિષ્ક્રિયતા પછી વલસાડમાં આવકવેરા વિભાગ દ્વારા આ એક મહત્વપૂર્ણ કાર્યવાહી છે. આ દરોડામાં જિલ્લાની અંદર અને બહારના આવકવેરા અધિકારીઓની એક મોટી ટીમ સામેલ હતી, જેઓ અનેક ઉચ્ચ પ્રોફાઈલ વ્યક્તિઓના રહેઠાણો અને વ્યવસાયિક પરિસરમાં ઉતરી હતી. દરોડા પાડવામાં આવેલા લોકોમાં આનો સમાવેશ થાય છેઃ

શહેરમાં તેમના વૈભવી બંગલા માટે જાણીતા વલસાડના અગ્રણી બિલ્ડર બિપિનભાઈ પટેલ.

દિપેશભાઈ ભાનુસાલી અને તેમના ભાઈ હિતેશભાઈ ભાનુસાલી, તેમના ભાગીદાર જગદીશ સેઠિયા સાથે, જેઓ મોટા પાયે સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવા માટે જાણીતા છે.

રાકેશ જૈન, ધરમપુર ચોકડી ખાતે એક મુખ્ય વાણિજ્યિક સંકુલ બનાવવા માટે જવાબદાર બિલ્ડર.

વિપુલ કાપડિયા, જમીન સંબંધિત કોર્ટ કેસોમાં નિષ્ણાત પ્રખ્યાત વકીલ.દીપસિંહ સોલંકી, એક અગ્રણી જમીન વિકાસકર્તા. મનીષ શાહ, વાપી સ્થિત એક અગ્રણી આર્કિટેકટ. આવકવેરાની ટીમોએ આ વ્યક્તિઓના ઓફિસો અને રહેઠાણો બંને પરના હિસાબી પુસ્તકો, વ્યવસાયિક રેકોર્ડ અને વ્યક્તિગત મિલકતોનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યુ. આ દરોડા સંભવિત નાણાકીય અનિયમિતતાઓ અને કરચોરીની વ્યાપક તપાસનો એક ભાગ છે.

આ હાઈ-પ્રોફાઈલ કામગીરીએ જિલ્લાના વ્યવસાયિક અને સામાજિક વર્તુળોમાં ખળભળાટ મચાવ્યો છે, જેમાં ઘણા લોકો સંડોવાયેલા વ્યક્તિઓ માટે સંભવિત પરિણામો અને અસરો વિશે અનુમાન લગાવી રહ્યા છે. તપાસ આગળ વધતાં વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

**ડાંગ જિલ્લા પંચાયત ૧૦ — કડમાળ બેઠક ઉપર મતદાન મથકથી**

# ૧૦૦ મીટરના અંતરમાં વિવિધ કૃત્યો કરવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પડાયુ

**મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા, મત માટે પ્રચાર કરવો સહિતના કૃત્યો કરી શકાશે નહી**

**(સુરત ધ્વનિ) આહવા, તા.૧૩**

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસ્થ/ પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫ નો વિગત વાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયત ૧૦ — કડમાળ બેઠક માટેનું મતદાન તા.૧૬/૨/ ૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

મતદાનની આ પ્રક્રિયા દરમ્યાન મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાનની કાર્યવાહી દરમ્યાન તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહી તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી અને મતદાન પ્રક્રિયા શાંતીપુર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ શકે તે માટે વિવિધ કૃત્યો કરવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામું ડાંગના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એમ.કે.ખાંટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મળેલી સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડ્યું છે.

જેમાં જણાવ્યા મુજબ જિલ્લા પંચાયત ૧૦ — કડમાળ બેઠક વિસ્તારમાં તા. ૧૬/૨/૨૦૨૫ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલા વિસ્તારમાં કોઈ પણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય વ્યક્તિને નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ કરવામાં આવ્યો છે.

૧) મત માટે પ્રચાર કરવો, ૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા, ૩) કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી, ૪) અમુક ઉમેદવારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા, ૫) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા, ૬) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટિસ કે નિશાની પ્રદર્શિત કરવી, ૭) સેલ્યુલર/ મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની ૮) વાહનો સાથે આવવું અને ૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલા મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલી વ્યકિત સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવો, કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

(૧) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે રાજ્ય ચૂંટણી આયોગે નીમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીઓ/ કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ જાહેરનામાનો ભંગ/ ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે. આ જાહેરનામું તારીખ ૧૧/૨/૨૦૨૫ થી તારીખ ૨૧/૨/ ૨૦૨૫ ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામું ૧૦- કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.




**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત**

# રમોત્સવમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવાના કુલ ૧૯ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ૧૧ મેડલો મેળવ્યાં

**(સુરત ધ્વનિ) આહવા, તા.૧૩**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ૫૧ મો રાણી દુર્ગાવતીજી ખેલકૂદ રમતોત્સવ યોજાયો હતો. જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવાના કુલ ૧૯ જેટલાં વિદ્યાર્થીઓએ દોડ, લાંબીકૂદ, ઉંચીકૂદ, ગોળાફેંક, બરછીફેંક જેવી જુદી જુદી સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ખેલાડીઓએ સ્પર્ધાઓમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી ૧ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૬ બ્રોન્ઝ સહિત કુલ ૧૧ જેટલાં ચંદ્રપદકો જીતીને સમગ્ર કોલેજને ગૌરવાન્વિત કર્યા હતાં. જેમાં પવાર વિશાલભાઈએ દિવ્યાંગ કેટેગરીની ૫૦ મીટર દોડમાં ગોલ્ડમેડલ, ગોળાફેંકમાં સિલ્વર અને લાંબીકૂદમાં બ્રોન્ઝમેડલ તથા માહલા અતુલભાઈએ ગોળાફેંક અને લાંબીકૂદ બન્ને રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમજ સામાન્ય કેટેગરીમાં માળવીશ શીલાબેને ૫ કિ.મી દોડમાં સિલ્વર અને ૧૫૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ તથા જોગેશભાઈએ બરછીફેંકમાં સિલ્વર અને ૧૦૦ મીટરની વિઘ્નદોડમાં બ્રોન્ઝમેડલ અને ગાવિત સંતોષકુમારે ૨૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમજ ભાઈઓની ૪૪૧૦૦ મીટરની રીલે દોડમાં ગાવિત સંતોષકુમાર, જોગેશભાઈ, ગાંગુર્ડે પંકજભાઈ અને ગાંગુર્ડે વિનેશભાઈએ સંયુક્તરૂપે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ તમામ રમતવીરોએ ૧૧ જેટલા ચંદ્રપદકો જીતીને કોલેજને વિશિષ્ટ સિદ્ધિ અને કોલેજને ગૌરવ અપાવવા બદલ કોલેજનાં આચાર્યશ્રી ડૉ.યુ.કે.ગાંગુર્ડે, IQAC કો-ઓર્ડીનેટર ડૉ.ડી.એમ.ગાવિત, જીમખાના સમિતિના અધ્યક્ષ ડૉ.પી.ટી.લાલૈયા અને જીમખાના સમિતિના સભ્યો પ્રા.પી.કે.માહલા તથા પ્રા.વાય.જે.પ્રજાપતી તેમજ સમગ્ર કોલેજ પરિવારે આ તમામ રમતવીરોને અભિનંદન પાઠવ્યા હતાં.

**જનજનની સેવાના સંકલ્પ અને શ્રધ્ધા સાથે શરુ થયેલ**

# ભાગ્યોદય મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને મેડીકલ કોલેજને ત્રીજું દેહદાન પ્રાપ્ત થયું

**(સુરત ધ્વનિ) કડી, તા.૧૩**

કડી ખાતે છેલ્લા ૪૦ વર્ષથી સૌને માટે સુગમ અને શ્રેષ્ઠ સારવારના સેવાકીય અભિગમ સાથે કાર્યરત ભાગ્યોદય હોસ્પિટલ અને આ જ વર્ષથી શરુ થયેલી મેડીકલ કોલેજને પ્રારંભ સાથે જ ત્રીજું દેહદાન પ્રાપ્ત થયું છે જે લોકોમાં આવેલી જાગૃતતા અને હોસ્પિટલ પ્રત્યે લોકોની શ્રધ્ધા અને ભાવના દર્શાવે છે. કડીના લોકોની પોતાની હોસ્પિટલ એટલે ભાગ્યોદય હોસ્પિટલ. જન જનના સમર્થન અને સહયોગથી ચાલતી આ હોસ્પીટલમાં અતિ આધુનિક સારવાર ખુબ જ વ્યાજબી દરે પૂરી પાડવામાં આવે છે જેનાથીલોકો, દાતાઓ અને સમાજ શ્રેષ્ઠીઓ ખુબ જ પ્રભાવિત છે. હોસ્પિટલ સાથે મેડીકલ કોલેજ શરુ થવા સાથે જ વિદ્યાર્થીઓ માટે માનવ શરીરની રચના બારીકાઇ પૂર્વક અને પ્રાયોગિક રીતે પ્રત્યક્ષ સમજવા માટે માનવ મૃતદેહ અતિ આવશ્યકછે. જેની મોટાભાગની મેડીકલ કોલેજમાં અછત વર્તાય છે. પરંતુ કડી તાલુકા અને મહેસાણા જીલ્લાના લોકોની જાગૃત્તિ અને સમાજ માટે કઈક કરી છૂટવાની ભાવનાના પરિણામે ભાગ્યોદય મેડીકલ કોલેજના પ્રારંભમાં જ ત્રીજું દેહદાન પ્રાપ્ત થતા આ કોલેજના વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસને ખુબ જ વાસ્તવિક, પ્રાયોગીક અને અર્થપૂર્ણ બનાવી શકશે તેમજ સંસ્થાના ઉત્તમ ડોક્ટર તૈયાર



**દેહદાન એ મહાદાન સંકલ્પ સાથે પ્રયત્નશીલ ટીમ ભાગ્યોદયને સફળતા**

કરવાના ભગીરથ પ્રયાસને સફળતા મળશે. દેહદાન એ મહાદાન સંકલ્પ સાથે બુડાસણ ગામના વતની સ્વ. શ્રી નટવરલાલ સોમાભાઈ પરમારનું ૭૨ વર્ષની ઉંમરે અવસાન થતા તેમની અને તેમના પરિવારજનોના જનસેવાના ઉમદા વિચારનાકારણે તેમના મૃત્યુ પછી તેમનું દેહદાન કરવામાં આવેલ હતું. તેમના પરિવારજનોમાં તેમના પુત્રો નવનીતભાઈ અને દિનેશભાઈ, તેમના પત્ની કમળાબેન, ભત્રીજાસહિતના સૌએ સ્વર્ગસ્થનો મૃતદેહ ભાગ્યોદય હોસ્પિટલ-મેડીકલ કોલેજને અર્પણ કરેલ હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન જગદીશભાઈ પટેલ અને અગ્રણીઓએ ઉપસ્થિત રહી સ્વર્ગસ્થના પુણ્યશાળી આત્માને પુષ્પાંજલિ સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી.સંસ્થાના ઉમદા દાતા અને ટ્રસ્ટીદિલીપભાઈ પટેલ તથા સૌરીનભાઈ પરીખે સ્વર્ગસ્થશ્રી અને તેમના પરિવારના સમાજસેવાના પુણ્યશાળી વિચારને આવકારેલ હતો. આ પહેલા પણ સંસ્થાને સ્વ.પુરીબેન કાન્તીભાઈ પટેલ — ઊંઝા તથા સ્વ. સોમાભાઈ વિરાભાઈ પટેલના પરિવારજનો તરફથી દેહદાન પ્રાપ્ત થયેલ છે. સમાજે આપેલું જીવન સમાજસેવા માટે ઉપયોગી બને તેની સાથે મૃત્યુ પછી પણ પોતાનું જીવન સાર્થક થાય, સમાજ ઉપયોગી થાય તેવા દેહદાન — મહાદાન સંકલ્પના પ્રણેતા આ સૌપરમાર્થી પુણ્યશાળી આત્માઓને સંસ્થા શ્રધ્ધાસુમન અર્પણ કરતા ગૌરવ અનુભવે છે.

**ડાંગ જિલ્લા પંચાયત ૧૦-કડમાળ બેઠક ચૂંટણી સંદર્ભે**

# કટઆઉટ, હોર્ડિંગ્સ, બેનર્સ પ્રદર્શિત કરવા અંગે માર્ગદર્શન

**(સુરત ધ્વનિ) આહવા, તા.૧૩**

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસ્થ/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫ નો વિગત વાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ડાંગ જિલ્લામાં પ્રસંગોપાત ખાલી પડેલ જિલ્લા પંચાયત ૧૦ — કડમાળ બેઠક માટેનું મતદાન તા.૧૬/૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

જે મુજબ ડાંગના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એમ.કે.ખાંટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મળેલી સત્તાની રૂએ જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે એક જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/ વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સૂચનાઓ આપેલ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવોમાં આવેલ છે. (૧) કટઆઉટ, હોર્ડિંગ્સ, બેનર વિગેરે કોઇ પણ જાહેર જગ્યાએ મુકી શકશે નહિ એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી શકશે નહિ.

(૨) જો કટઆઉટ/હોર્ડિંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગીથી મુકવામાં આવે તો નીચે દર્શાવેલ તમામ શરતોનું પાલન થવું જોઇએ. ૧. હોર્ડિંગ્સની સાઇઝ ૧૫ ફુટ ટ ૮ ફુટથી વધવી જોઇએ નહી. ૨. કટઆઉટની ઉંચાઇ, ૮ ફટથી વધવી જોઇએ નહી. ૩. કટઆઉટ, જાહેરાત, પાટીયાં, બેનરો વિગેરે કોઇ સ્થળે મુકતાં પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી તેમજ પોલીસ અધિક્ષકશ્રીનુ કરવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે. આ જાહેરનામું તારીખ ૧૧/૨/૨૦૨૫ થી તારીખ ૨૧/૨/૨૦૨૫ ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામું ૧૦- કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

સુરતધ્વનિ







# સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સુરતમાં મફત નવજાત શિશુ શ્રવણ ચકાસણી શરૂ

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**
સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ ફરી એક વખત નવજાત શિશુઓમાં શ્રવણ નુકસાન અટકાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે અને મફત નવજાત શ્રવણ ચકાસણી કાર્યક્રમ શરૂ કર્યો છે. આ પહેલ નવજાત શિશુઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે જન્મ પછીના ૨૪ થી ૪૮ કલાકની અંદર શ્રવણ પરીક્ષણ થવાથી અજાણ્યા શ્રવણ નુકસાનનો જોખમ ઘટે છે.

નવજાત શ્રવણ ચકાસણી બાળકે સમયસર સાંભળવાની ક્ષમતા વિકસાવી શકે તે માટે આવશ્યક છે. આ દ્વારા પ્રારંભિક શોધ અને તત્કાળ સારવાર શક્ય બને છે, જે બાળકના ભાષા અને સંચાર વિકાસમાં વિલંબ અટકાવવામાં મદદરૂપ થાય છે.

સંશોધનો દર્શાવ છે કે નાનું પણ શ્રવણ નુકસાન બાળકની શીખવાની અને સંચાર કરવાની ક્ષમતાને અસર કરી શકે છે.

આ કાર્યક્રમ દ્વારા સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ સુરતના બાળકોના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. જેથી અગાઉથી શ્રવણ નુકસાનની ઓળખ કરી યોગ્ય ઉપચાર આપી શકાય. આ પહેલ સુરત શહેર માટે અત્યંત લાભદાયી છે, કારણ કે શ્રવણ ક્ષતિના પ્રમાણમાં ઘટાડો કરી શકાય.

આ પહેલ અગાઉ સુરતમાં સફળતાપૂર્વક અમલમાં મુકાઈ હતી. અને હવે તેના પુનઃપ્રારંભ સાથે શ્રવણ આરોગ્ય ક્ષેત્રે વધુ પ્રગતિ થઈ રહી છે. આ કાર્યક્રમ નવજાત શિશુઓ અને તેમના પરિવાર માટે જ નહિ, પરંતુ સમગ્ર સમાજ માટે શ્રવણ ક્ષતિને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે કાર્યરત છે. સ્વરસંગ્યા ચેરીટેબલ ટ્રસ્ટ સમુદાયના આરોગ્ય અને કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે અને સસ્તી અને અસરકારક આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરવા સતત પ્રયત્નશીલ છે. આ આગવી પહેલ દ્વારા દરેક બાળક શ્રવણ ક્ષતિ વિના એક સુખદ અને સ્વસ્થ ભવિષ્ય મેળવી શકે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

## જિલ્લા કાનૂની સત્તા મંડળ-સુરત દ્વારા

# ૮મી માર્ચે સુરત જિલ્લાની તમામ કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**
સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળના નેજા હેઠળ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન તેમજ સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષની અધ્યક્ષતામાં આગામી તા.૮/૩/૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

સુરત જિલ્લાની તમામ કોર્ટોમાં શહેર અને તાલુકા કોર્ટોમાં પેન્ડીગ જુના સમાધાન લાયક કેસોનું લોક અદાલતના માધ્યમથી નિકાલ કરી શકાય એવા કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ ના કેસો, નાણા વસુલાતના કેસો, મજૂર તકરાર, ઈલેક્ટ્રીસીટી એન્ડ વોટર બિલ્સ (નોન કંપાઉન્ડેબલ કેસોને બાદ કરતા), જમીન સંપાદન રેફરન્સના કેસો, વૈવાહિક તકરારોના (છુટાછેડા સિવાયના) કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃતિના લાભોને લગતા કેસો, મહેસૂલ કેસો, અન્ય દીવાની કેસો (ભાડા તકરાર, સુખાધિકાર, મનાઈ હુકમનાં, વિશિષ્ટ પાલનના દાવા) જેવા ટાર્ગેટિડ કેસોના નિકાલ માટે પક્ષકારો તથા તેમના વકીલોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો.

વધુમાં, સીસીટીવી કંટ્રોલરૂમ, સુરત દ્વારા ટ્રાફિક નિયમનો ભંગ કરતા હોય તેવા વાહન ચાલકોને મોટર વ્હિકલ એકટ હેઠળ ઈ-ચલણના નાણાં ઓનલાઈન તથા ઓફલાઈન મધ્યમથી લોક અદાલતમાં ભરી શકશે તેમજ સંભવ ઈનીશિએટીવ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ સાથે મળી રૂબરૂ તથા ટેલિફોનીક માધ્યમથી ઈ-ચલણ ભરવા માટે લોકોને શિક્ષીત કરવામાં આવશે. લોકઅદાલતનો લાભ લઈ બાકી ઈ-ચલણના નાણાની ચુકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહી તો તેનો પણ લોકો લાભ લઈ શકે છે.

રાષ્ટ્રીય લોક અદાલતમાં કેસોનો નિકાલ થવાથી બંન્ને પક્ષકારોના હિતમાં કેસનો ફેસલો થશે, જેથી કોઈ પક્ષકાર પોતાના કેસો લોક અદાલતમાં મૂકવા માંગતા હોય તો તેઓ જે તે અદાલતમાં અથવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-સુરત તથા તાલુકા કાનૂની સેવા સમિતીનો સંપર્ક કરી પોતાનો કેસો આગામી રાષ્ટ્રીય લોક અદાલતમૂ મુકી શકશે તેમ જિ.કાનૂની.સેવા સત્તામંડળના સચિવ સી.આર.મોદીની યાદીમાં જણાવ્યું છે.

# હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા ગુજરાતના સાપુતારામાં માર્ગ સુરક્ષા જાગૃતિ ઝુંબેશને પ્રમોટ કરે છે

**(સુરત ધ્વનિ) સાપુતારા, તા.૧૩**
હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા (એચએમએસઆઈ) દ્વારા ગુજરાતના સાપુતારામાં માર્ગ સુરક્ષા જાગૃતિ ઝુંબેશનું આયોજન કરીને માર્ગ સુરક્ષા વાતાવરણ નિર્માણ કરવાના એકધાર્યા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પહેલ થકી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, કન્યા સાક્ષરતા નિવાસી શાળા અને પીએમ શ્રી સ્કૂલ જવાહર નવોદયા વિદ્યાલયના ૨૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોને માર્ગ સુરક્ષા બાબતે મહત્ત્વપૂર્ણ જ્ઞાનથી સુસજ્જ કરીને યુવાનો નાગરિકોમાં જવાબદાર માર્ગ વર્તન વિશે મૂલ્યવાન ઈનસાઈટ્સ આપવામાં આવી હતી. યુવાનોમાં વહેલી ઉંમરે માર્ગ સુરક્ષાના શિક્ષણના મહત્ત્વને ઓળખતાં એચએમએસઆઈ દ્વારા જાગૃતિની પાર જવા અને સુરક્ષિત વ્યવહારો પ્રત્યે લાંબા ગાળાનું પરિવર્તન લાવવા પ્રોત્સાહન આપવા માટે આ ઝુંબેશ તૈયાર કરવામાં આવી છે. વહેલી ઉંમરે સુરક્ષિત રાઈડિંગ આદતો કેળવતાં વિદ્યાર્થીઓ સતર્ક માર્ગ ઉપભોક્તા બને છે, જે પછી તેમના પરિવારો અને સમુદાયોને સુરક્ષિત વ્યવહારો અપનાવવા માટે પ્રભાવિત કરે છે. નિયમિત રીતે શાળાઓ, કોલેજો અને સંસ્થાઓ- સરકારી અને બિન-સરકારી- સાથે સહભાગી થઈને એચએમએસઆઈ એવી સંસ્કૃતિ કેળવવા માગે છે જ્યાં માર્ગ સુરક્ષા ભાવિ પેઢીનો બીજો સ્વભાવ બનીને બધા માટે સુરક્ષિત ભવિષ્યને આકાર આપે. સાપુતારાની ઝુંબેશમાં સહભાગી અને માહિતીસભર રીતે માર્ગ





**૨૯૦૦થી વધુ શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોને માર્ગ સુરક્ષા શિક્ષણ સાથે સશક્ત બનાવવામાં આવ્યા**

સુરક્ષા શિક્ષણ મળે તેની ખાતરી રાખવા માટે વિવિધ પ્રકારની ઈન્ટરએક્ટિવ પ્રવૃત્તિઓ તૈયાર કરવામાં આવી હતી. સહભાગીઓને સુરક્ષિત રાઈડિંગના પાઠ, ખતરો ભાંખવાની તાલીમ, માર્ગ સુરક્ષા ક્વિઝ, ગેમ્સ, હેલ્મેટ જાગૃતિ અને રાઈડિંગ ટ્રેનર સત્રોમાં સહભાગી કરવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિઓ માર્ગ સુરક્ષાના મહત્ત્વ પર ભાર આપવા સાથે કાયમી છાપ નિર્માણ કરીને સહભાગીઓ આ પાઠ તેમના દૈનિક જીવનમાં પણ પાલન કરે તેની ખાતરી રાખે તે રીતે તૈયાર કરવામાં આવી હતી. એચએમએસઆઈ દ્વારા આ ઝુંબેશનું આયોજન કરવા ટેકો આપવા અને તેને સફળ બનાવવા માટે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, કન્યા સાક્ષરતા નિવાસી શાળા અને પીએમ શ્રી સ્કૂલ જવાહર નવોદયા વિદ્યાલયનો આભાર માનવામાં આવ્યો હતો. આ સક્રિય સહભાગને કારણે ૨૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો સુધી પહોંચીને જવાબદાર માર્ગ વર્તનને પ્રોત્સાહિત કરવાના એકત્રિત લક્ષ્ય પર ભાર આપવામાં આવ્યો હતો. આ ભાગીદારી સુરક્ષિત અને વધુ માહિતગાર સમુદાય નિર્માણ કરવા સંસ્થાઓ સાથે એકત્રિત કામ કરવાના મહત્ત્વને આલેખિત કરે છે. મોજૂદ માર્ગ સુરક્ષા પહેલો થકી એચએમએસઆઈ દ્વારા ગુજરાત ૩ લાખથી વધુ પુખ્તો અને બાળકો સુધી પહોંચીને માર્ગ પર જવાબદાર પસંદગી કરવા વ્યવહારુ જ્ઞાનથી તેમને સુસજ્જ કરવામાં આવ્યો હતા. ગુજરાત ઝુંબેશ બધા માટે સુસક્ષિત ડ્રાઈવિંગ અને રાઈડિંગની આદતોને પ્રોત્સાહન આપવા અને માર્ગ સુરક્ષા પર કાયમી છાપ છોડવાના એચએમએસઆઈના પ્રયાસમાં વધુ એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન છે.

# ડાંગ જિલ્લા પંચાયત ૧૦ - કડમાળ બેઠક માટે કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો

**(સુરત ધ્વનિ) આહવા, તા.૧૩**
રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસ્થ/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫ નો વિગત વાર કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ડાંગ જિલ્લામાં પ્રસંગોપાત ખાલી પડેલ જિલ્લા પંચાયત ૧૦ – કડમાળ બેઠક માટેનું મતદાન તા.૧૬/૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

જે માટે ડાંગ જિલ્લાના સુબીર તાલુકા સેવા સદન ખાતે તારીખ.૧૫/૦૨/૨૦૨૫ તથા તા.૧૬/૦૨/૨૦૨૫ દરમિયાન કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. આ કંટ્રોલ રૂમ ૨૪૭૭ કલાક કાર્યરત રહેશે જેનો સંપર્ક નંબર ૯૪૮૪૪૦૫૮૦૬ છે. જેની તમામે નોંધ લેવા ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળના મદદનીશ ચૂંટણી અધિકારી વ મામલતદાર સુબીરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# માનવ સેવા એજ માધવ સેવા ના સિદ્ધાંત પર ચાલતી ઓમેગા હોસ્પિટલ હવે આપણા શહેરમાં

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**
સમગ્ર ભારત દેશમાં હોસ્પિટલ ક્ષેત્રે સેવા પૂરી પાડતી અને સારી નામ ધરાવતી ઓમેગા હોસ્પિટલ સૌ પ્રથમ આપણા સુરતમા પણ સ્વાસ્થ્ય વિભાગમા લોકોને સારી ચિકિત્સા આપવા માટે પોતાનું મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનો ઓપનિંગ કરી છે જે સ્વાસ્થ્ય ક્ષેત્રે લોકોને અલગ અલગ બીમારીઓનો દૂર કરવા માટે એક સારી મેડિકલ સુવિધા પૂરી પાડશે અને ઓમેગા હોસ્પિટલ ના સી.ઓ.ઓ મહેન્દ્રર પાલા તથા અભિષેક સર સાથે તેલુગુ પદમશાલી સમાજના અગ્રણી તથા વોર્ડ નંબર ૨૫ ના મહામંત્રી શ્રી રાપોલુ ભૂછીરામૂલું અને એડવોકેટ સાગર વેલડી નાવો શુભેચ્છા મુલાકાત લીધેલ છે અને હોસ્પિટલ તથા તેના



કામગીરી વિશે સમગ્ર જાણકારી મેળવેલ છે અને હોસ્પિટલ ના હેડ મહેન્દ્રર પાલાના કહેવા પ્રમાણે ગરીબ દર્દીઓ તથા મધ્યમ વર્ગના દર્દીઓને નજીવા ભાવે ઈલાજ કરવાની અને સારામાં સારી સેવા પૂરી પાડવાની પોતાના તરફથી થતી હોય તેટલું મદદ કરવાની આશ્વાસન આપેલ છે.

# સેમસંગ દ્વારા ૨૦૨૫ સુધી ૨૦,૦૦૦થી વધુ શિક્ષકોની કુશળતા વધારવા માટે અજોડ સમુદાય પ્રેરિત કાર્યક્રમ ''ગેલેક્સી એમ્પાવર્ડ'' લોન્ચ કરાયો

નવી દિલ્હી : ભારતની સૌથી વિશાળ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રમાં શિક્ષકો, પ્રિન્સિપાલો અને વહીવટકર્તાઓને સશક્ત બનાવીને ભારતમાં શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે તૈયાર કરાયેલો અનોખો સમુદાય પ્રેરિત કાર્યક્રમ ''ગેલેક્સી એમ્પાવર્ડ'' લોન્ચ કર્યાની ઘોષણા કરવામાં આવી છે. આ પહેલ દંતકથા સમાન શૂટર અને ૨૦૦૮ ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ અભિનવ બિંદ્રાની હાજરીમાં રજૂ કરવામાં આવી હતી, જેનું લક્ષ્ય ઈનોવેશનની સંસ્કૃતિ નિર્માણ કરવાનું અને શિક્ષણના વ્યવહારોમાં ટેકનોલોજીને જોડીને શિક્ષણમાં ક્રિયાત્મકતા પ્રેરિત કરવાનું છે. તે રિકરિંગ ઓન-ગ્રાઉન્ડ અને ઓનલાઈન લર્નિંગ ઈવેન્ટ્સ થકી આવતીકાલના ક્લાસરૂમ્સ માટે શિક્ષકોને તૈયાર કરશે. ટેકનોલોજીમાં વૈશ્વિક આગેવાન તરીકે સેમસંગ ભાવિ તૈયાર ક્લાસરૂમો નિર્માણ કરીને શિક્ષણના ભવિષ્યને આકાર આપવા માટે કટિબદ્ધ છે, જે શિક્ષકોને નવી ટેકનોલોજી અને આધુનિક શિક્ષણશાસ્ત્ર અપનાવવા માટે મદદરૂપ થશે.





''ગેલેક્સી એમ્પાવર્ડ''થી શિક્ષકોને લાભ થવા સાથે શાળાઓને એજ્યુકેશન ઈનોવેશનમાં આગેવાન બનવાનામાં શાળાઓ ટેકો પણ આપશે. શૈક્ષણિક વ્યવહારો બહેતર બનાવીને અને ટેકનોલોજી પ્રેરિત ભણવાનું વાતાવરણ નિર્માણ કરીને શાળાઓ સમુદાયમાં તેમની નામના સુધારીને અને લોકપ્રિય પ્રાપ્ત કરીને વાલીઓ માટે પસંદગીની સંસ્થા તરીકે પોતાને સ્થાપિત કરી શકે છે. ઉપરાંત ''ગેલેક્સી એમ્પાવરમેન્ટ'' કાર્યક્રમ શિક્ષકો અને શાળાઓ માટે પણ નિઃશુલ્ક હોઈ કોઈ પણ નાણાકીય અવરોધો વિના શૈક્ષણિક પ્રગતિ માટે મૂલ્યવાન સંસાધનોની ખાતરી રાખશે.

''ગેલેક્સી એમ્પાવરમેન્ટ'' સાથે અમે શિક્ષકોને વિદ્યાર્થી સહભાગ વધારવા અને ટકાઉ શૈક્ષણિક પ્રભાવ નિર્માણ કરવા માટે સાધનો પૂરાં પાડીએ છીએ.

શિક્ષકના વિકાસમાં રોકાણ કરીને સેમસંગ શિક્ષકોને તેમના ક્લાસરૂમનો પ્રભાવ મહત્તમ બનાવવા સશક્ત બનાવે છે, જે શૈક્ષણિક પ્રણાલીના આધારને ટેકો આપે છે. આ પહેલ બહેતર આવતીકાલ માટે નાવીન્યતા લાવવાના અમારા ધ્યેય સાથે સુમેળ સાધીને શિક્ષણ ઈનોવેશનની આગળ રહે અને દરેક શિક્ષકને સફળ બનવા માટે સંસાધાનો પ્રાપ્ત થાય તેની ખાતરી રાખશે,'' એમ સેમસંગ ઈન્ડિયાના એમએક્સ બિઝનેસના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ રાજુ પુલ્લને જણાવ્યું હતું.

## પોલીસકર્મીઓના ધમર્પત્નીઓને જરી જરદોશીની તાલીમનો પ્રારંભ

# કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ ૩૦ બહેનો તાલીમ મેળવી આત્મનિર્ભર બનશે

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**
રાજ્યમાં પ્રથમવાર સુરત પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતના ધર્મપત્ની શ્રીમતી સંધ્યાબેન ગહલૌત તથા નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓની ધર્મપત્નીઓને આત્મનિર્ભર કરવા માટે જરી જરદોશીની તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ પ્રથમ તબક્કામાં ૩૦ બહેનો તાલીમ મેળવી આત્મનિર્ભર બનશે. અમી હેન્ડીક્રાફટના ઉપક્રમે તાલીમાર્થીઓ મહિલાઓને જરી-જરદોશી વર્કની કીટસ એનાયત કરવામાં આવી હતી.

પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં સુરત પોલીસ મુખ્ય મથક, કોમ્યુનિટી હોલ પાસેના પોલીસ તાલીમ કેન્દ્ર ખાતેથી તાલીમનો પ્રારંભ કરાવતા સંધ્યાબેન ગહલૌતે જણાવ્યું હતું કે, અમી હેન્ડીક્રાફટ પ્રોડયુસર કંપનીના માધ્યમથી કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ પોલીસ પરિવારની બહેનોને ૩૦





દિવસની જરદોશી તાલીમ અને બાદ ૧૫ દિવસની વિશેષ બેઝિક તાલીમ એમ મળી કુલ ૪૫ દિવસની તાલીમ આપવામાં આવશે. કેન્દ્રની સમર્થ યોજનાનું અમલીકરણ કરનાર અમી હેન્ડીક્રાફટ દ્વારા તાલીમાર્થીઓને સર્ટિફીકેટ આપી તેમને જરી ફ્રેમવર્ક, ગિફ્ટ આર્ટીકલ્સ, વસ્તુઓની પ્રોડકટના ડેવલપમેન્ટમાં સક્ષમ બનાવાશે. આ તાલીમના માધ્યમથી પોલીસ પરિવારની મહિલાઓ ક્રિએટિવ થિન્કીંગ સાથે પ્રવૃત્તિમય બને એવો અમારો હેતુ છે એમ સંધ્યાબેન ગહલૌતે ઉમેયું હતું. પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, સુરતની જરીની વૈશ્વિક ઓળખ છે. પોલીસ પરિવારની મહિલાઓ તેમના ફ્રી-ટાઈમમાં પરંપરાગત જરદોશી હેન્ડવર્ક શીખીને કુશળ બને સાથોસાથ સ્વનિર્ભર પણ બને એવો આ તાલીમનો હેતુ છે. અગાઉ સામાન્ય પરિવારોની ૧૫૦ મહિલાઓને અમી હેન્ડીક્રાફટ દ્વારા તાલીબદ્ધ કરવામાં આવી છે, જે તમામ સ્વતંત્ર કામ કરીને રોજગારી મેળવવા સાથે પરંપરાગત જરી-જરદોશી હહેન્ડવર્કને જીવંત રાખી રહી છે, ત્યારે પોલીસ પરિવારની બહેનો પણ સુરતની પરંપરાગત-પ્રાચીન જરી-જરદોશી હેન્ડવર્કની કલાને જીવંત રાખવામાં નિમિત્ત બનશે. નાયબ પોલીસ કમિશનર ભક્તિબા ડાભીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારની સમર્થ યોજના હેઠળ ૩૦ બહેનોની તાલીમ પૂર્ણ થયા બાદ તેમની પરીક્ષા લેવાશે. અને ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીઓએ જરી-જરદોશી હેન્ડવર્કથી બનાવેલા કાપડ પર જરી વર્કની ફોટોફ્રેમ, ચિત્રો, જરી ગિફ્ટ આર્ટિકલ્સનું વેચાણ માટે કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયના સહયોગથી મંચ પૂરો પાડવામાં આવશે. અમી સુરતનું જરી એસોસિએશન નજીવા દરે જરી-જરદોશીનો કાચો માલ પૂરો પાડશે. આ પ્રસંગે મનપાના સાંસ્કૃતિક સમિતિના ચેરમેન સોનલબેન દેસાઈ, કોર્પોરેટર કૈલાસબેન સોલંકી, ડી.સી.પી. (ટ્રાફિક) અમિતા વાનાણી, ડી.સી.પી.(સ્પેશ્યલ બ્રાંચ) હેતલ પટેલ, અમી હેન્ડીક્રાફટ પ્રોડયુસર કંપનીના આશય જરદોશ, તુષાર દેસાઈ, કૌશિક દેસાઈ અને નેહલ દેસાઈ, જરી એસોસિએશનના પ્રમુખ દિપકભાઈ કુકડીયા, ઉપપ્રમુખ તુષારભાઈ કુવાડિયા સહિત તાલીમાર્થી બહેનો ઉપસ્થિત રહી હતી.

# JSW MG મોટર ઇન્ડિયાએ રૂ.૧૨.૫ લાખથી ઓછી કિંમતમાં પેનોરેમિક સનરૂફ ધરાવતી એસ્ટર ૨૦૨૫ લોન્ચ કરી

ગુરુગ્રામ, તા.૧૩
JSW MG મોટરે પોતાની શ્રેણીની ભારતની સૌથી એડવાન્સ SUV - MG એસ્ટરની સ્રૂ ૨૦૨૫ એડિશન લોન્ચ કરવાની સાથે તેના સાઈન અને સિલેક્ટ વેરિયન્ટના નવા ફિચર્સ રજૂ કર્યા છે. એસ્ટર ૨૦૨૫નું સાઈન વેરિયન્ટ પેનોરેમિક સનરૂફ અને છ સ્પીકર્સ સાથે રજૂ કરવામાં આવ્યું છે, જે ખૂબ જ આનંદદાયક ડ્રાઈવિંગ એક્સપિરિયન્સ પૂરો પાડે છે. આ સાથે MG એસ્ટર પોતાના સેગમેન્ટમાં એકમાત્ર SUV બની ગઈ છે જે રૂ.૧૨.૫ લાખથી ઓછી કિંમતોમાં પેનોરેમિક સનરૂફ ઓફર કરે છે. વધુમાં તેનું સિલેક્ટ વેરિયન્ટ છ એરબેગ્સ અને પ્રિમિયમ આઈવરી લેધર સીટ્સ સાથે ડ્રાઈવિંગ કમ્ફર્ટ અને સેફ્ટીમાં ઉમેરો કરે છે. કારની અંદર AI ધરાવતી ભારતની પ્રથમ SUV રૂ.૯.૯૯ લાખની એક્સ-શોરૂમની શરૂ થતી આકર્ષક કિંમતોએ સ્પ્રિન્ટ, સાઈન, સિલેક્ટ, શાપ્ર પ્રો અને સેવી પ્રો વેરિયન્ટ્સમાં ઉપલબ્ધ બનશે.

સ્ર્ એસ્ટર સ્રૂ ૨૫ના વેરિયન્ટ્સ સાથે અસંખ્ય આકર્ષક ફિચર્સ ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે જેમાં હોલિસ્ટિક ડ્રાઈવિંગ એક્સપિરિયન્સ માટે ફ્રન્ટ રોમાં વેન્ટિલેટેડ સીટ્સ, વાયરલેસ ચાર્જર, વાયરલેસ એન્ડ્રોઈડ ઑટો અને એપલ કાર પ્લે અને એડવાન્સ યુઝર ઈન્ટરફેસ ધરાવતાં અપડેટેડ i-SMART ૨.૦ની સાથે વધારાની સલામતી અને સુગમતા માટે ઑટો-ડિમિંગ IRVM ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. સ્ર્ એસ્ટર ૨૦૨૫ આનંદપૂર્ણ અને સુગમતાયુક્ત ડ્રાઈવિંગ એક્સપિરિયન્સ માટે i-SMART ૨.૦ અને ૮૦+ કનેક્ટેડ ફિચર્સથી સજ્જ છે. તેના વિશિષ્ટ ફિચર્સમાં JIO વૉઈસ રેગ્નિશન સિસ્ટમનો સમાવેશ થાય છે, જે વેધર, ક્રિકેટ અપડેટ્સ, કેલ્ક્યુલેટર, ક્લોક, ડેટ/ડે ઈન્ફોર્મેશન, હોરોસ્કોપ, ડિક્સનરી, ન્યૂઝ અને નોલેજ જેવા એડવાન્સ વૉઈસ સાથે ડ્રાઈવિંગ સરળ બનાવે છે. ડિજિટલ કી સુવિધા સાથે એન્ટી-થેફ્ટ ફિચર નેટવર્ક કનેક્શન વગર પણ સુરક્ષાની ખાતરી પૂરી પાડે છે.

MG એસ્ટર પર્સનલ AI આસિસ્ટન્ટ અને ૧૪ ઑટોનોમસ લેવલ ૨ ફિચર ધરાવતી ભારતની પહેલી SUV છે, જે મિડ-રેન્જ રડાર્સ અને મલ્ટી પર્પઝ કેમેરાથી સજ્જ છે, જે એડવાન્સ ડ્રાઈવર-આસિસ્ટન્સ સિસ્ટમ (ADAS) ફિચર્સની શ્રેણીબદ્ધ સુવિધાઓ પૂરી પાડી શકે છે.





MG એસ્ટર ૫૦થી વધુ સેફ્ટી ફિચર્સ અને પ્રિમિયમ ઈન્ટિરિયર્સ તથા પેનોરેમિક સનરૂફની સુવિધા ધરાવે છે જે યાદગાર ડ્રાઈવિંગ એક્સપિરિયન્સને કમ્ફર્ટના એક નવા જ સ્તર પર લઈ જાય છે. MG એસ્ટર ૨૦૨૫ ૧.૫ L MT અને CVT તથા ૧.૩ ટર્બો AT પાવરટ્રેઈન્સ સાથે ઉપલબ્ધ બનશે.

# પોલીસ પર હુમલો કરનાર આરોપીઓનું રિકન્સ્ટ્રક્શન

## ઘટના સ્થળે લઈ જઈ પોલીસનું પંચનામું, પોલીસના દંડાથી પોલીસને જ માર માર્યો હતો

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને સુરતમાં આરોપીઓના વરઘોડા કાઢવા મુદ્દે માનવ અધિકાર પંચ દ્વારા નોટિસ આપવામાં આવી છે. આ વચ્ચે પોલીસ દ્વારા બે કોન્સ્ટેબલ ઉપર હુમલો કરનાર આરોપીઓનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું, જેમાં રીઢા ગુનેગારોને ફરી એ જ સ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ બે કોન્સ્ટેબલ્સ પર હુમલો કર્યો હતો.

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાને પડકારરૂપ બનેલા એક ગંભીર બનાવમાં પોલીસ પર જ હુમલો કરનાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં પોલીસે વડોદરાથી ત્રણ આરોપીની ધરપકડ કરી છે, જેમાંથી એક મુખ્ય આરોપી મર્ડર કેસમાં સંડોવાયેલો છે. સુરત અઠવા પોલીસ મથક દ્વારા આરોપીઓનું રિકન્સ્ટ્રક્શન કરાયું, જ્યાં આરોપીઓને તે જ સ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ પોલીસ પર હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના ૧૦ ફેબ્રુઆરીની મોડી રાત્રે ઘટી હતી, જ્યારે સલાબતપુરા પોલીસ મથકના બે



કોન્સ્ટેબલ્સ ભુપેન્દ્ર અને પુંજાભાઈ ભાઠેના પંચશીલ નગરથી શંકાસ્પદ રિક્ષાનો પીછો કરી રહ્યા હતા. નાનપુરા ગોધાસ્ટ્રીટ નજીક ૪ આરોપીઓએ પોલીસને ઘેરી લીધો અને તેમના જ દંડાથી માર મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, મોહમ્મદ તુફેલ અને હનીફ શેખ નામના બે મુખ્ય આરોપીઓને વડોદરાથી પકડી પાડવામાં આવ્યા છે. મોહમ્મદ તુફેલ-રિક્ષા ચાલક, નાનપુરાનો રહેવાસી, સાત ગુનાઓમાં સંડોવાયેલો, જેમાં મર્ડરનો કેસ પણ સામેલ છે. હનીફ ઉર્ફે મોનુ હારુન શેખ-અમરોલીનો રહેવાસી, જે ઉપર પણ એક ગુનો નોંધાયેલો છે. અબ્દુલ શેખ-સગરામપુરા વિસ્તારનો રહેવાસી, સલાબતપુરા પોલીસ મથકમાં ગુનો દાખલ છે. નિતીન ઉર્ફે લંગડા હજી પણ ફરાર છે. પોલીસે વધુ એક આરોપી અબ્દુલ સાહિલ અબ્દુલ રૂઉફ શેખ (સગરામપુરા, નવી ઓલી મહોલ્લો અઠવાગેટ પાસેથી પકડી પાડ્યો.

આરોપીઓએ પોલીસની નજરથી બચવા માટે ડ્રગ્સનો સહારો લીધો. તેઓએ એન્ટી-ડિપ્રેશન દવાનો ઓવરડોઝ લીધો હતો, જેના કારણે ૧૦ ગોળીઓ ખાઈને તેઓ રિક્ષામાં બેસી ગયા. તેઓ ભાનમાં નહોતાં અને પોલીસને જોયા બાદ ફરાર થવાના પ્રયાસમાં હતા. આ દરમિયાન રિક્ષાની નંબર પ્લેટ પણ બદલી નાંખી, જેથી પકડાઈ ન જાય.

# એસીમાંથી પાણી ટપકવાના વિવાદમાં બે જૂથો બાખડ્યા

# લાકડાના ડંડાથી મારામારી કરનારા ૧૪ આરોપીઓની ધરપકડ

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

વેસુ વિસ્તારમાં એજ જિમ એન્ડ ફિટનેસની બહાર ખુલ્લેઆમ મારામારીનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે, જેમાં શાકભાજીની લારી ચલાવતા અને જીમ સંચાલક વચ્ચે ઉગ્ર વિવાદ બાદ લાકડાના ડંડા વડે મારામારી થતી જોવા મળી છે. આ ઘટનાને લઈને વેસુ પોલીસ સ્ટેશનમાં બંને પક્ષે એકબીજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં ૧૪ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

વેસુ વિસ્તારમાં આવેલી જય બજરંગબલી સબ્જી એન્ડ ફ્રુટ ભંડાર દુકાનની સામે જાહેર રોડ પર બની હતી. પોલીસ તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે, શાકભાજી લારી ચલાવનાર આશિષકુમાર સુરેન્દ્રસિંહ અને જીમ સંચાલક સંદીપ સાલવે વચ્ચે બોલાચાલી થઈ, જે બાદ મારામારીમાં પરિણમી હતી. સીસીટીવી ફૂટેજ પ્રમાણે એક જૂથ બીજા જૂથને લાકડાના ડંડાથી મારતાં દેખાય છે. બંને પક્ષ એકબીજાને બિભત્સ ગાળો આપે છે. મારામારી દરમિયાન લોકો એકબીજાને ધમકીઓ આપતા જોવા મળ્યા. સ્થાનિક લોકોની હાજરીમાં જ આ હુલ્લડ થયા અને કોઈએ ઝઘડાને રોકવાનો પ્રયાસ પણ કર્યો નહોતો.

આ ઝઘડા પાછળનું કારણ જિમના એસી આઉટડોરમાંથી પાણી ટપકતું હોવાની બાબત હતી. આ અંગે શાકભાજી લારી સંચાલક આશિષકુમારે જીમ સંચાલક સંદીપ સાલવેને ફરિયાદ કરી હતી. આ દરમિયાન બંને વચ્ચે બોલાચાલી થઈ ગઈ અને એકાએક જ આ ઝઘડો મારામારીમાં ફેરવાઈ ગયો હતો. આ મારામારી બાદ બંને જૂથોએ વેસુ પોલીસ સ્ટેશનમાં એકબીજાની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આશિષકુમાર સુરેન્દ્રસિંહ (શાકભાજી લારી સંચાલક) અને તેની ટીમે આરોપ લગાવ્યો કે, સંદીપ સાલવે અને તેના સાગરીતોએ ગાળીઓ આપી, લાકડાના ડંડાથી હુમલો કર્યો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી. જ્યારે સંદીપ સાલવે (જીમ સંચાલક) અને તેની ટીમે આરોપ મૂક્યો કે, આશિષકુમાર અને તેની ટીમે જીમમાં ઘૂસી ગાળો દીધી, મારપીટ કરી અને ધમકીઓ આપી. આ ઘટના બાદ વેસુ પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે બંને પક્ષના ૧૪ આરોપીઓની ધરપકડ કરી છે અને રાયોટિંગ (દંગલ)ની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. શાકભાજી લારી જૂથમાંથી આશિષકુમાર સુરેન્દ્રસિંહ, પંકજ નારદ મહતો, સુનિલ કૈલાશ સોનકર, રોહિત મુન્ના સોનકર, ગોવિંદ મુન્ના સોનકર, વિજય રામરાજ સિંહ હતા જ્યારે જીમ સંચાલક જૂથમાંથી સંદીપ શાલીગ્રામ સાલવે, અબ્બાસ અરસદ અલી શેખ, સોહેલ ફૈયાજ ખાન, સુબોધકુમાર ભિખારી ઠાકુર, સજીવકુમાર રામસુંદર શર્મા, સંદીપ રાજેન્દ્ર શર્મા, અજીત લવકુશ શર્મા, સંદીપ સીતારામ શર્મા આરોપી છે. વેસુ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજની ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે. જો વધુ આરોપીઓની સંડોવણી સાબિત થશે, તો તેમની સામે પણ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# લક્ઝરી ગાડીઓ સાથે સીનસપાટાનો વધુ એક વીડિયો વાઈરલ

### ગોડાદરા વિસ્તારમાં ૬ લક્ઝરી ગાડીઓ સાથે વિદ્યાર્થીઓએ ફેરવેલ માટે સીનસપાટા કર્યા, પોલીસ તપાસ શરૂ

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

હાલમાં જ પાલ વિસ્તારમાં ૩૦ લક્ઝરી ગાડીઓનો કાફલો કાઢી ફાઉન્ટેન હેડ શાળાના વિદ્યાર્થીઓએ રોડ પર ધમાલ મચાવી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

એ મામલો હજી શાંત પણ થયો નહોતો કે ફરી એક વીડિયો વાઈરલ થયો છે, આ વખતે બીજી એક શાળાના વિદ્યાર્થીઓએ ગોડાદરા વિસ્તારમાં ૬ લક્ઝરી ગાડીઓ સાથે વિદ્યાર્થીઓ ફેરવેલ માટે સીનસપાટા કરી રહ્યા છે.

સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલી એક એકેડેમી શાળાના વિદ્યાર્થીઓનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. વિદ્યાર્થીઓ લક્ઝરી ગાડીઓના સનરૂફ ખોલીને અને દરવાજા પર બેસી જોખમી સ્ટંટ કરી રહ્યા છે. આ બધી રીલ્સ બનાવવા માટે શાળાની બહાર ગાડીઓ ફેરવી, જાહેર માર્ગો પર જીવના જોખમે હલચલ મચાવી અને સોશિયલ મીડિયામાં આ વીડિયો વાઈરલ કર્યો.

ગોડાદરા પોલીસે આ વાઈરલ વીડિયોનો સંજોગો આધારે તપાસ શરૂ કરી દીધી છે. આ વીડિયો કયા દિવસે શૂટ થયો? કઈ ગાડીઓ વપરાઈ? અને કોણ-કોણ સામેલ છે? તેની તપાસ ચાલી રહી છે. આ સાથે સીસીટીવીની પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સંતાનોને લાઈસન્સ વગર કાર આપી દેનારા વાલીઓ સામે ફરિયાદ

## નબીરાઓએ ૩૦ કાર સાથે રેલી યોજી હતી, પોલીસે ૨૨ કાર કબજે કરી

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

સુરતના ઓલપાડના કુકણી ગામ નજીક આવેલી ફાઉન્ટને હેડ સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફેરવેલમાં નબીરાઓએ ૩૦ જેટલી લક્ઝરી કાર સાથે રેલી યોજી હતી. જેમાં કેટલાક વિદ્યાર્થીઓએ કાર પર જોખમી રીતે બેસી સવાર થયા હતા. આ વીડિયો વાઈરલ થયા બાદ પોલીસે કારની અને કારમાં સવાર વિદ્યાર્થીઓની ઓળખ કરી કાર્યવાહી શરૂ કરી છે. ત્રણ વિદ્યાર્થીઓ પાસે લાઈસન્સ ન હોવા છતા વાલીઓએ કાર આપી દેતા વાલીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. જ્યારે અન્ય જે કારમાં વિદ્યાર્થીઓ જોખમી રીતે સવાર થયા હતા તેના ડ્રાઈવરો સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કુંકણી ગામની ફાઉન્ટન હેડ સ્કૂલમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા પહેલા ફેરવેલ રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ સ્કોડા, મર્સિડિઝ, બીએમડબ્લ્યુ જેવી ૩૦ જેટલી લક્ઝરી કાર લઈને નીકળ્યા હતા. વીઆઈપી વ્યક્તિઓના કાફલા જેવી રેલી કાઢી તેઓ ૧૦ કિમી દૂર આવેલી સ્કૂલે પહોંચ્યા હતા. જોકે, સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ થયો છે તેમાં કોઈ વિદ્યાર્થી રૂફટોપ પર ચઢ્યો તો કોઈ કારની વિન્ડોમાંથી બહાર નીકળી સ્ટંટ કરતા જોવા મળ્યા હતા. એકસાથે રસ્તા પર ૩૦ જેટલી કાર દોડાવતા અન્ય વાહનચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા હતા.

### લાઈસન્સ ન હોવા છતાં કાર આપી દેનારા વાલીઓ સામે ફરિયાદ

ટ્રાફિક એસીપી અમિતા વાનાણીના આદેશથી પાલ પોલીસે તપાસ શરૂ કરી હતી. ૨૨થી વધુ કાર કબજે કરવામાં આવી હતી અને પોલીસ તપાસમાં બહાર આવ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ પાસે લાયસન્સ નહોતું, છતાં તેમના વાલીઓએ તેમને કાર આપીને ટ્રાફિક નિયમો તોડવાની છૂટ આપી હતી. ત્રણ વાલીઓ સામે આઈપીસી કલમ ૧૨૫ અને એમવી એક્ટ ૧૮૦ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પાલ પોલીસે આ બાળકોના વાલીઓ વિરુદ્ધ કડક પગલાં ભર્યા છે. અમિત અર્જુન અગ્રવાલ (રહે. રત્ન વિરાટ એપાર્ટમેન્ટ, ન્યુ સીટીલાઈટ રોડ) – બીએમડબલ્યુ આપી, જીગ્નેશ યોગેશ દલાલ (રહે. અવધ લીક સીટી, બાબેન, બારડોલી) – ફોર્ચ્યુનર આપી, અજય દામોદર ભટ્ટ (રહે. રઘુવીર બંગલો, ભગવતી આશિષ, સીટીલાઈટ રોડ) – ઓડી આપી હતી.આ ત્રણેય વાલીઓ વિરુદ્ધ આઈપીસી કલમ ૧૨૫ (બીજાની જિંદગી જોખમમાં મૂકે તેવા કૃત્ય) અને મોટર વાહન અધિનિયમ ૧૮૦ (લાયસન્સ વગર વાહન ચલાવવા આપવા) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# સગીર દીકરી પર દુષ્કર્મ આચરનાર પિતાને આજીવન કેદ

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

સુરતના ડીંડોલી વિસ્તારમાં ૧૪ વર્ષની સગીર દીકરી પર સતત એક મહિના સુધી બળાત્કાર ગુજારનાર પિતાને કોર્ટે તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું કે આરોપીએ પિતા-પુત્રીના પવિત્ર સંબંધને કલંકિત કરતા ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું છે, જે સમાજ માટે ઉદાહરણરૂપ કડક સજા માંગે છે. આવા ગંભીર ગુનાને હળવાશથી લઈ શકાય નહીં અને ન્યાય માટે કડક કાર્યવાહી જરૂરી છે.

આ કેસમાં સરકાર પક્ષના એપીપી પાટીલે દલીલો કરતા કહ્યું કે આવા ગુનામાં આરોપીને કડકથી કડક સજા આપવી જરૂરી છે.આ ફેંસલામાં કોર્ટે પીડિત સગીરાને રૂ. ૭ લાખનું વળતર આપવાનો હુકમ પણ કર્યો છે.

ડીંડોલી, સુરત ના એક પરિવારના પિતા, માતા અને બે બાળકો રહેતા હતા. માતા અને દીકરો રોજ કામ પર જતાં જ્યારે પિતા અને ૧૪ વર્ષની સગીર દીકરી ઘરે રહેતા.આ દશામાં સગા પિતાએ ઘરમાં એકલતાનો ફાયદો ઉઠાવી, દીકરી પર બળાત્કાર ગુજારવાનું શરૂ કર્યું.એક મહિના સુધી પિતા દ્વારા બનેલી આ નૃશંસ હરકત પીડિતાએ અંતે તેની માતાને કહી.માતા એ હિમ્મત એકઠી કરી, પોલીસને જાણ કરી અને એક બપોરે ઘરે પહોંચીને પતિને રંગે હાથ પકડાવ્યો.પોલીસે તાત્કાલિક પિતાને ઝડપી જેલ હવાલે કર્યો હતો.

આરોપીને આજીવન કેદ ફટકારી દેવામાં આવી છે.અંતિમ શ્વાસ સુધી જેલમાં રહેવાનો હુકમ. પીડિતાને રૂ. ૭ લાખ વળતર આપવા હુકમ કરાયો છે.

## કેદાર મૃત્યુ કેસમાં વધુ એક જવાબ રજૂ થયો : ઘટનામાં કોઈ પગલાં ન લેવાતા તર્ક-વિતર્કો શરૂ

# તાપણું કરતા ઝડપાયેલા કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલે બંધ કવરમાં જવાબ રજૂ કર્યો

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

સુરતમાં કેદારના મૃત્યુ બાદ ભલે મેયર દ્વારા મોટા ઉપાડે તાત્કાલિક પગલાં લેવાની વાતો કરવામાં આવી હોય પરંતુ, વાસ્તવિકતા વિપરીત છે. મેયરે કહ્યું હતું કે, ઝડપથી એક્શન લેવાઈ જશે પરંતુ, હજી સુધી જવાબદાર પણ નક્કી થઈ શક્યા નથી જે દુઃખદ બાબત છે. વરિયાવ વિસ્તારમાં ગટરમાં પડી જવાથી બે વર્ષના માસૂમ બાળક કેદારનું મૃત્યુ થયું હતું. જેને લઈને શહેરભરમાં લોકોમાં ભારે રોષ ફેલાયો છે. રાંદેર ઝોનના ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીને બંધ કવરમાં કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલે જવાબ રજૂ કરી દીધો છે. અત્યાર સુધીમાં ત્રણ અધિકારી દ્વારા જવાબ રજૂ કરવામાં આવી ચૂક્યો છે પરંતુ, જેનો ઉલ્લેખ કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. તેને લઈને કર્મચારીઓની માનસિકતા પણ છતી થઈ ગઈ છે. હવે બંધ કવરમાં તેજસ પટેલ દ્વારા જવાબ આપી દેવામાં આવ્યો છે, ત્યારબાદ શું નિર્ણય કરાશે તેના પર સૌ કોઈની નજર છે.



### પોલીસ કમિશનર એક્શન લઈ શકે એવી સ્થિતિમાં નથી

સમગ્ર ઘટનાની અંદર પોલીસને કોર્પોરેશન દ્વારા રિપોર્ટ સોંપવામાં આવશે ત્યારબાદ જ પોલીસ દ્વારા પગલાં લેવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા કેદારના મૃત્યુ કેસની અંદર જવાબદાર અધિકારી નક્કી થઈ ગયા બાદ તેનો રિપોર્ટ પોલીસ કમિશનરને સોંપવામાં આવશે અને ત્યારબાદ જે-તે જવાબદાર વ્યક્તિ સામે સાપરાધ મનુષ્યવધનો ગુના નોંધવામાં આવનાર છે. પોલીસ દ્વારા બે વખત મ્યુનિસિપલ કમિશનરને રિમાઈન્ડર મોકલી દેવામાં આવ્યું છે કે, જવાબદાર અધિકારીનો રિપોર્ટ ઝડપથી સોંપવામાં આવે પરંતુ, મ્યુનિસિપલ કમિશનર દ્વારા હજી સુધી પોલીસ કમિશનરને સમગ્ર ઘટનામાં જવાબદાર અધિકારી વિશેની કોઈ વિગત આપવામાં આવી નથી. મ્યુનિસિપલ કમિશનરનું વલણ પણ આ બાબતે ગંભીર જણાતું નથી. આ ઘટનાને સાત દિવસ પૂર્ણ થઈ ગયા બાદ કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલે જવાબ રજૂ કરી દીધો છે. હવે બંધ કવરમાં આપેલા જવાબમાં તેમણે પોતાનો કેવી રીતે બચાવ કર્યો છે, તે જોવુ મહત્વનું છે અને ત્યારબાદ જવાબ બાબતે મ્યુનિસિપલ કમિશનરનો અભિગમ કેવું રહેશે? તેના પર સૌ કોઈની મીટ મંડાયેલી છે.

### તેજસ પટેલ તાપણું કરતા ઝડપાયા હતા

રાંદેર ઝોનના કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી. કેદારના મૃત્યુ બાદ ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની લાઈનના નકશા બાબતે વિવાદમાં આવેલા કાર્યપાલક એન્જિનિયર તેજસ પટેલ ઘટના બાદ તાપણું કરતા ઝડપાયા હતા. અધિકારીઓના આ વલણને કારણે કોર્પોરેશનની કામગીરીની ભારે ટીકા થઈ હતી. ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા કેદારને શોધવાની શરૂઆત તો કરી દેવામાં આવી પરંતુ, ડ્રેનેજની લાઈન અને વરસાદી પાણીના નિકાલની લાઈન કઈ તરફ જઈ રહી છે તે પણ સમજવી મુશ્કેલ હતી એવા સમયે ડ્રેનેજ લાઈનનો નકશો મંગાવવામાં આવ્યો હતો, જે કલાકો સુધી ન આવ્યા હોવાની ફરિયાદો ઉઠી હતી. ગેરકાયદેસર જોડાણ હોવાને કારણે ઝડપથી નકશો રજૂ કરવામાં ન આવ્યો હોવાનું ચર્ચા રહ્યું હતું.

## ૧૫મી ફેબ્રુઆરીથી રાજ્યમાં હેલ્મેટ ફરજિયાત

# પોલીસ કમિ. હેલ્મેટ પહેરીને બાઈક ચલાવી શહેરવાસીઓને સંદેશો આપવા નીકળ્યા

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

સુરત શહેરમાં ટ્રાફિક સુરક્ષા અંગે જનજાગૃતિ લાવવા માટે પોલીસ દ્વારા અનોખો પ્રયાસ કરવામાં આવ્યો. ૧૫મી ફેબ્રુઆરીથી સમગ્ર ગુજરાત રાજ્યમાં હેલ્મેટ ફરજિયાત થવાના નિર્દેશો બાદ સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત પોતે હેલ્મેટ પહેરીને બાઈક ચલાવી શહેરવાસીઓને સંદેશો આપવા નીકળ્યા. આ અનોખી પહેલ દરમિયાન તેમની સાથે અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ હેલ્મેટ પહેરીને રેલીમાં જોડાયા હતા. આ રેલીના માધ્યમથી સુરત શહેરના લોકોમાં હેલ્મેટનો મહત્ત્વ સમજાવવાની અને તેમને તેનું પાલન કરવા પ્રેરવાની કોશિશ કરવામાં આવી.

સુરત પોલીસે હેલ્મેટ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરી છે. રસ્તાઓ પર લોકોને સમજાવવા માટે પોલીસ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. સાથે જ સોશિયલ મિડિયા દ્વારા પણ લોકોને હેલ્મેટના ઉપયોગ માટે



પ્રેરિત કરવામાં આવશે.

પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જણાવ્યું કે, “હેલ્મેટ પહેરવું માત્ર કાયદાનું પાલન નથી, પરંતુ તે તમારા જીવનની રક્ષા માટે જરૂરી છે.

૧૫મી ફેબ્રુઆરીથી ગુજરાતમાં હેલ્મેટ ફરજિયાત બનશે, અને લોકો એનો સખત અમલ કરે, તે માટે અમે જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે.”

૧૫મી ફેબ્રુઆરીથી સમગ્ર રાજ્યમાં બાઈક ચલાવતા અને પાછળ બેસેલા વ્યક્તિ માટે હેલ્મેટ ફરજિયાત રહેશે. જો કોઈ હેલ્મેટ પહેરે વગર પકડાશે, તો તેના સામે કાયદેસર કાર્યવાહી થશે. સુરત પોલીસના આ અભિયાનને લઈને લોકોમાં સકારાત્મક પ્રતિક્રિયા જોવા મળી રહી છે.

લોકોમાં હેલ્મેટ પહેરવાની સમજણ વધે,રોડ સેફ્ટી અંગે લોકો વધુ જાગૃત થાય, ટ્રાફિક નિયમોનું પાલન સુનિશ્ચિત થાય, અકસ્માતોની સંખ્યા ઘટે આ હેતુથી લોકોને હેલ્મેટ પહેરવા માટે આ રેલી કાઢવામાં આવી હતી.

સુરતધ્વનિ

સુરત ખાતેથી દૈનિક ડિજીટલ ન્યૂઝ પેપર અને દર મંગળવારે પ્રકાશિત થતું સુરત ધ્વનિ અખબારમાં જાહેરાત અને પ્રેસનોટ આપવા સંપર્ક કરો

Email :- suratdhvaninews9997@gmail.com

9879292977, 9327389589

# સુરતમાં ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે વૃદ્ધ ફસાતા પોલીસે જીવ બચાવ્યો

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

સુરત રેલવે સ્ટેશન પર વૃદ્ધ ચાલુ ટ્રેનમાં ચડવા જતા પગ લપસી ગયો હતો. જેથી ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે વૃદ્ધ ફસાઈ ગયા હતા. સમયસૂચકતા દાખવી GRP જવાન ગુલાબ સિંહે વૃદ્ધને ચાલુ ટ્રેન વચ્ચેથી ખેંચીને બહાર કાઢી બચાવ્યા હતા. સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર રાત્રે ૧૦:૪૭ વાગ્યે ઈન્દોર એક્સપ્રેસ આવી હતી. તે દરમિયાન એક વૃદ્ધ ચાલતી ટ્રેનમાં ચડવાનો પર્યાસ કરી રહ્યા હતા. ચાલુ ટ્રેનમાં ચડવા જતા વૃદ્ધનો પગ લપસી ગયો હતો. જેથી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયા હતા. વૃદ્ધે ટ્રેનનું હેન્ડલ પકડી રાખ્યું હોવાથી તેઓ ટ્રેનની સાથે ખેંચાતા જઈ રહ્યા હતા. દરમિયાન સુરત રેલવે સ્ટેશન ખાતે ફરજ બજાવી રહેલા જવાનની નજર વૃદ્ધ પર પડી હતી.

તાત્કાલિક સમયસૂચકતા વાપરીને સુરત રેલવે પોલીસના જવાન ગુલાબસિંહ મનસુખભાઈએ વૃદ્ધને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેથી ખેંચી લીધા હતા. આ દરમિયાન અન્ય લોકો પણ દોડી આવ્યા હતા અને વૃદ્ધને સ્વસ્થ કરવામાં મદદરૂપ થયા હતા. વૃદ્ધ સ્વસ્થ થતા તેમને ટ્રેનમાં બેસાડી રવાના કરવામાં આવ્યા હતા. જોકે, સુરત રેલવે પોલીસના જવાન દ્વારા કરવામાં આવેલી કામગીરીની ઘટના CCTVમાં કેદ થઈ જવા પામી છે.

# દાગીના ખરીદીમાં ચેક રિટર્ન કેસમાં કામરેજના યુવકને સજા

**(સુરત ધ્વનિ) સુરત, તા.૧૩**

સોના-ચાંદીના દાગીનાના પેમેન્ટ પેટે જ્વેલર્સને આપેલા ચેક રિટર્ન થવાના કેસમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અતુલ વસાવાએ કામરેજના આરોપી વેપારીને દોષિત ઠેરવી એક વર્ષની સજા તથા રિટર્ન ચેકની બમણી રકમ ૬.૮૪ લાખ ચૂકવવા હુકમ કર્યો હતો. જય મનસુખભાઈ મેસિયા વરાછાના કારગિલ ચોક ખાતે સોની ડાયમંડ એન્ડ જ્વેલરીના નામથી સીના-ચાંદીના દાગીનનો વ્યવસાય કરે છે. વર્ષ ૨૦૧૯માં આરોપી અરવિંદ મનું જિયાણી (રહે. ભગવતી એવન્યુ, કામરેજ)એ જયને ત્યાંથી દાગીના ખરીદ્યા હતા અને તેના પેમેન્ટ પેટે ચેક આપ્યા હતા. જે ચેક જય મેસિયાએ પોતાના બેંક ખાતામાં જમા કરાવતા રિટર્ન થતા ફરિયાદ થઈ હતી. સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ રહ્યા હતા. અંતિમ સુનાવણી બાદ કોર્ટે અરવિંદ મનું જિયાણીને દોષિત ઠેરવી એક વર્ષ સાદી કેદની સજા તથા બમણી રકમ એટલે કે ૬.૮૪ લાખ ફરિયાદીને ચુકવવામાં કસૂર કરેતો વધુ ૬ માસ કેદની સજાનો હુકમ કર્યો હતો. ઉપરાંત ચુકાદા સમયે કોર્ટ સમક્ષ ગેરહાજર અરવિંદ વિરુદ્ધ વોરન્ટ જારી કર્યું હતું.

OWNER & EDITOR : MEHUL ASHOKBHAI SOLANKI, PUBLICATION PLACE : PLOT NO.6/A, HANUMAN MOHALLO, UDHANA YARD, SURAT-394210 (SUBJECT TO SURAT JURISDICTION)